# RAJKOT MUNICIPAL CORPORATION

## Re-e-Tender No. RMC/SWM/2024-25/03

**Bid Document for**
**Lifting, Collecting and Disposal of Waste, Rabbis, Construction Waste, Industrial Waste from Ward No. 08 & 10 through Closed Body Tractor Trolley/Hydraulically Operated Tipper**

| **The milestone dates of e-Tender are as under :** | | |
|---|---|---|
| 1 | Download of e-tender documents | Up to 09-07-2024, 16:00 hours |
| 2 | Pre-bid meeting | Dt. 21-06-2024 at 11.30 hours at office of the Environment Engineer, Central Zone Office, "Dr.Ambedkar Bhavan'', Dhebarbhai Road Rajkot-360001. |
| 3 | Online submission of e-tender | Up to 09-07-2024, 18:00 hours |
| 4 | Physical submission of EMD, tender fee and other documents by Speed Post/R.P.A.D./ Speed Post/Courier Only. | Up to 12-07-2024, 18:00 hours |
| 5 | Verification of submitted documents (EMD, e-tender fee, Etc.) | Up to 15-07-2024, 16:00 hours |
| 6 | Opening of online tender | From 15-07-2024, 16:30 hours |
| **For further particulars, visit us on rmc.nprocure.com** | | |

**ENVIRONMENT ENGINEER**
**SOLID WASTE MANAGEMENT DEPARTMENT**
**RAJKOT MUNICIPAL CORPORATION**
**RAJKOT (GUJARAT)**

# RAJKOT MUNICIPAL CORPORATION

## Solid Waste Management Department

## FORM - I

Name of the work : "________________________________________
________________________________________"

1. Full Name of the Contractor : ____________________

2. Office address of the Contractor : ____________________
____________________
____________________
____________________

   Phone Number : ____________________
   Mobile Number : ____________________

3. Residential address of the Contractor : ____________________
____________________
____________________
____________________

   Phone Number : ____________________
   Mobile Number : ____________________

4. Banking Details of the Contractor :
   Name of the Bank : ____________________
   Branch : ____________________
   Account No. : ____________________
   Current/Saving : ____________________

5. Sign and Stamp of the bidder : ____________________

(NOTE : The above details must be duly filled and signed with the stamp of the bidder, and submitted along with other documents at the time of physical submission)

# રાજકોટ મહાનગરપાલિકા

**સામાન્ય શરતો :-**

(૧) રાજકોટ શહેરનાં પશ્ચિમ ઝોન વોર્ડ નં. ૦૮ અને ૧૦ માં આવેલ વોંકળાનો ગાર, ભરતી, કચરો, રબ્બીશ, ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ તથા વોર્ડમાં રહેલ પડતર કચરો ટ્રેકટર/ટીપર સાથે ઉપયોગમાં લેવામાં આવતી ટ્રોલી અથવા ટીપર, હાલમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરીમાં વપરાતી ટીપરમાં રહેલા કન્ટેનર જેવી ૦૪(ચાર) ઢાંકણા વાળી તથા ભીનો/સુકો કચરો અલગથી સમાય શકે તેવી પાર્ટીશન વાળી બંધ બોડીના (૮૦ ઘન ફુટ ક્ષમતાથી વધુ વાળા) વાહન દ્વારા ઉપાડી રાજકોટ મહાનગરપાલિકાના રૈયાધાર પાસે આવેલ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનમાં અથવા રૈયાધાર પાસે આવેલ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન થી ૦૬ કિ.મી. ની ત્રિજયામાં પર્યાવરણ ઈજનેરશ્રી સુચવે તે સાઈટ ખાતે નાખવા જવાનું રહેશે.

(૨) કોન્ટ્રાકટરશ્રીએ ફીઝીકલ ડોકયુમેન્ટ સબમીશન સમયે ઈ.એમ.ડી., ટેન્ડર ફી તથા અન્ય જરૂરી ડોકયુમેન્ટસ ની સાથે સંપૂર્ણ વિગત તથા સહી સાથે " ફોર્મ - ૧" ભરી સાથે આપવાનું રહેશે.

(૩) કોન્ટ્રાકટની સમયમર્યાદા વર્ક ઓર્ડરની  તારીખથી ૦૨(બે) વર્ષની રહેશે.

(૪) ભાવ મંજુર થયા બાદ કોન્ટ્રાકટરશ્રીએ કુલ કામની કીંમતના ૫% (પાંચ ટકા) મુજબની સીકયોરીટી ડીપોઝીટનો રાજકોટની નેશનલાઈઝડ બેંકનો એફ.ડી.આર. કઢાવી એફ.ડી.આર. પાછળ રેવન્યુ સ્ટેમ્પ પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી સો.વે.મે. વિભાગમાં નિયત સમયમાં રજુ કરવાનો રહેશે. તથા સીકયોરીટી ડીપોઝીટની રકમના ૪.૯૦% લેખે ના સ્ટેમ્પ પેપર ઉપર રા.મ.ન.પા.ની ફેવરમાં જરૂરી કરારનામું કરી આપવાનુ રહેશે, કરારનામાનો મુસદ્દો સો.વે.મે. શાખામાંથી આપવામાં આવશે. સરકારશ્રી દ્વારા જે કઈ ટેકસ કે વેરા નાખવામાં આવે તે બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૫) કોન્ટ્રાકટરશ્રીના ભાવ મંજુર થયા બાદ નિયત સમય મર્યાદામાં સીડી કરાર કરવામાં નહી આવે તો જરૂર જણાયે કોન્ટ્રાકટરની ઈ.એમ.ડી. જપ્ત કરી કોન્ટ્રાકટરને રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ કામ માટે બ્લેકલીસ્ટમાં મુકવામાં આવશે.

(૬) રાજય સરકારના નકકી થયેલા ચાર્જ કે વખતોવખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતા ચાર્જ કે સરકારી/અર્ધ સરકારી ટેક્ષ/ચાર્જ/ફી/વેરા આપવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. ઉપરોકત ઈજારાની મુદ્દત પુરી થયા બાદ પણ જો સરકારશ્રી તરફથી લેણું નીકળતુ હશે તો રાજકોટ મહાનગરપાલિકા કોન્ટ્રાકટરશ્રી પાસેથી તેવુ લેણુ લેવા હકકદાર રહેશે.

(૭) આ કામગીરી દરમ્યાન કોન્ટ્રાકટરના વાહનો કે માણસો દ્વારા કોન્ટ્રાકટરશ્રીના ડ્રાઈવરો, કે રાહદારીને કોઈપણ અકસ્માત થાય કે મૃત્યુ થાય તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. તેમાં રા.મ.ન.પા. ની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી. છતાં આ કામ દરમ્યાન કોઈપણ વ્યક્તિને ઈજા થાય કે મૃત્યુ થાય અને રાજકોટ મહાનગરપાલિકા ઉપર કલેઈમ કે અન્ય કોઈપણ પ્રકાર નો કેસ અથવા જવાબદારી નક્કી કરવામાં આવેતો તે કલેઈમ કેસ ની માંગણીની રકમ જો કોન્ટ્રાકટરશ્રીનુ બીલ ચુકવવાનું બાકી હોઈ તો બીલ માંથી કપાત કરવામાં આવશે અને ડીપોઝીટ તરીકે જમા લેવામાં આવશે અને કલેઈમ પૂર્ણ થયે તે રકમ જેતે વ્યકિતને ચુકવવામાં આવશે અને જો રકમ વધતી હશેતો કોન્ટ્રાકટરશ્રીને પરત ચુકવવામાં આવશે અને જો રકમ ઘટતી હશે તો કોન્ટ્રાકટરશ્રી સીકયોરીટી ડીપોઝીટ જમા હશે તો તેમાંથી કપાત કરવામાં આવશે.

(૮) કોઈપણ સંજોગોમાં કોન્ટ્રાકટરશ્રી દ્વારા કોન્ટ્રાકટની મુદત પુરી થતા પહેલા કામ અધુરૂ મુકવામાં આવશે તો મહાનગરપાલિકાનાં કોઈપણ કામ માટે જરૂર જણાયે કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

(૯) કોન્ટ્રાકટરશ્રીને લાગુ પડતુ હોય તો ફરજીયાતપણે પ્રવર્તમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ રજુ કરવાનું રહેશે. લેબર કાયદા અંગે ઉભી થનાર તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૧૦) કોન્ટ્રાકટરશ્રીએ ગવર્નમેન્ટ રૂલ્સ મુજબ લાગુ પડતા લેબર લો, પી.એફ. રૂલ્સ, ઈ.એસ.આઈ.એસ. તે તમામ વેરા તથા ટેક્ષ ભરી તેના ચલણ બીલ સાથે રજુ કરવાના રહેશે. નકત જો લાગુ પડેતો રા.મ.ન.પા. દ્વારા અલગથી ચુકવવામાં આવશે. ઉપરોકત ટેક્ષ કે વેરા અંગે જે કાઈ પણ વિવાદ ઉપસ્થિત થાય તેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રી ની રહેશે.

(૧૧) કોન્ટ્રાકટરશ્રીએ તમામ સરકારી ટેક્સ, ટ્રાન્સપોર્ટેશન સહિતના ભાવો ટેન્ડરમાં આપવાના રહેશે, આવેલ ભાવ પૈકી કોઈપણ ભાવ મંજુર/નામંજુર કરવાનો રા.મ.ન.પા.નો હકક અબાધીત રહેશે.

(૧૨) આ કોન્ટ્રાકટ દરમ્યાન કોન્ટ્રાકટરશ્રી દ્વારા કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરતા હોવાનું માલુમ પડશે અને રાજકોટ મહાનગરપાલિકાને કોઈપણ પ્રકારનું આર્થિક નુકશાન થતું હોવાનુ માલુમ પડશે તો આ કોન્ટ્રાકટ કોઈપણ જાતની નોટીસ વગર રદ કરવામાં આવશે, કોન્ટ્રાકટરની સીકયોરીટી ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે, તથા કોન્ટ્રાકટરને રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ કામ માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

(૧૩) કોન્ટ્રાકટરશ્રી સરકારશ્રીના ધારાધોરણો મુજબનું વેલીડ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા હોય તેવા ડ્રાયવરોને જ ફરજ પર રાખવાના રહેશે.

(૧૪) કોન્ટ્રાકટની શરતો અંગે કોઈપણ પ્રકારના મતભેદ કે અર્થઘટનની બાબતમાં કોઈપણ પ્રકારનો વિવાદ ઉભો થાયતો રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. પાછળથી આ બાબતે કોઈ તકરાર ચાલશે નહી. ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.

(૧૫) કોન્ટ્રાકટર દ્વારા જે વ્યકિતઓને આ કામ માટે રોકવામાં આવી હોય, તેઓને કોઈપણ સંજોગોમાં પ્રવર્તમાન લઘુતમ વેતનથી ઓછો પગાર આપી શકાશે નહિ અને સરકારશ્રી દ્વારા વખતોવખત જે વેતન સુધારો કરવામાં આવે તે મુજબ વેતન ચૂકવવાનું રહેશે. મહાનગરપાલિકા સૂચવેતો કોન્ટ્રાકટરે સમક્ષ અધિકારી/કર્મચારીની હાજરીમાં ચેકથી પગાર ચુકવવાનો રહેશે. આ અંગેની કોઈપણ પ્રકારની કાયદાકીય તકરાર ઉભી થશે તે બાબતેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૧૬) કોઈપણ સંજોગોમાં બાળ કામદારો તથા વૃધ્ધો, અશકત, અપંગ કે ચેપી રોગથી પીડાતી વ્યકિતને કામે રાખી શકાશે નહી.

(૧૭) કોન્ટ્રાકટરશ્રી તરફથી જે સુપરવાઈઝર, ડ્રાઈવરો તથા મજુરો કામગીરીમાં રોકવામાં આવે તેમના પગાર, ભથ્થા, રજા વિગેરે કોઈપણ હકકો માટે સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે. મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેશે નહિ, તેમજ તેઓ મહાનગરપાલિકાના કર્મચારીઓ કોઈપણ રીતે ગણાશે નહિ.

(૧૮) કોઈ એક કે વધુ અથવા તમામ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાનો હકક કમિશનરને અબાધિત રહેશે, જે અંગે કોઈપણ જાતના કારણો આપવામાં આવશે નહિ.

(૧૯) કોન્ટ્રાકટરશ્રી એ શિડયુલ - " A " માં દર્શાવ્યા મુજબના પ્રતિ ફેરાના ભાવના વધુ/ઓછા ટકા આપવાના રહેશે.

(૨૦) સક્ષમ અધિકારી કે કર્મચારી દ્વારા કોન્ટ્રાકટરશ્રીને મોબાઈલ પર મેસેજ આપવામાં આવે અને કોન્ટ્રાકટરશ્રી દ્વારા તેનો અમલ કરવામાં ન આવે અને સક્ષમ અધિકારી કે કર્મચારી દ્વારા ઉપરી અધિકારીને લેખીતમાં ફરીયાદ કરવામાં આવે તો કોન્ટ્રાકટરશ્રી ને આ અંગે નાયબ કમિશનરશ્રી દ્વારા રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા.) નો દંડ કરવામાં આવશે.

(૨૧) આ કામની ટેન્ડરની શરતોમાં જરૂરી જણાયેથી ફેરફાર કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રી અધિકૃત રહેશે. જે ફેરફાર કોન્ટ્રાકટરશ્રીને મંજુર તેમજ બંધનકર્તા રહેશે.

(૨૨) આ કોન્ટ્રાકટની મુદત પુર્ણ થયા બાદ નવો કોન્ટ્રાકટ આપવામાં ન આવે અને રાજકોટ મહાનગરપાલિકા ઈચ્છે તો કોન્ટ્રાકટરશ્રીએ વધુમાં વધુ છ માસ માટે તેમના મંજુર થયેલ ભાવ અને આ શરતો મુજબ આ કામગીરી ચાલુ રાખવાની રહેશે. કોન્ટ્રાકટરશ્રી તેનો ઈન્કાર કરી શકશે નહી, અને જો કોન્ટ્રાકટરશ્રી દ્વારા ઈન્કાર કરવામાં આવશે તો તેમની સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરી કોન્ટ્રાકટરશ્રીને બ્લેકલીસ્ટમાં મુકવામાં આવશે.

(૨૩) આ કોન્ટ્રાકટમાં ઉપયોગમાં લેવામાં આવતા ટ્રેકટર/ટીપર સાથે ઉપયોગમાં લેવામાં આવતી ટ્રોલી અથવા ટીપર, હાલમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરીમાં વપરાતી ટીપરમાં રહેલા કન્ટેનર જેવી ૦૪(ચાર) ઢાંકણા વાળી તથા ભીનો/સુકો કચરો અલગથી સમાય શકે તેવી પાર્ટીશન વાળી બંધ બોડીના (૮૦ ઘન ફુટ ક્ષમતાથી વધુ વાળા) વાહન મોડેલ વર્ષ-૨૦૦૮ નું હોવું જોઈએ, ઉપયોગમાં લેવામાં આવતા બંધ બોડીના વાહન ટ્રેકટર-ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપરનો ટેક્ષ, વિમો, પરમીટ તથા પાર્સીંગ, હોવું જરૂરી છે. કોન્ટ્રાકટ મંજુર થયા બાદ ઉપર જણાવેલ કાગળો તથા ટ્રેકટર સાથે રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી એકઝી. એન્જી. (વર્કશોપ વિભાગ) પાસે ચકાસણી કરાવી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે, જે રજુ થયા બાદ જ પ્રથમ બીલનું પેમેન્ટ આપવામાં આવશે. ઉપયોગમાં લેવામાં આવતુ બંધ બોડીના વાહનનું બોડી તથા ફલોર વ્યવસ્થિત હોવું જોઈએ. કોન્ટ્રાકટરશ્રીએ સામાન્ય રીતે વધુ માં વધુ પાંચ(૫) ફેરા કરવાના રહેશે. જો જરૂર જણાયે પર્યાવરણ ઈજનેરશ્રી દ્વારા વધુ ફેરા ઉપાડવાનું કહેવામાં આવે તો ઉપાડવાના રહેશે. જે બાબતે કોન્ટ્રાકટરશ્રી ઈન્કાર કરી શકશે નહી.

(૨૪) કોન્ટ્રાકટરશ્રીએ આ કામગીરી નો સમય સવારે ના ૦૭:૦૦ કલાક થી રાત્રિ ના ૧૧:૦૦ કલાક સુધી કરવાની રહેશે. સવાર તથા બપોર બંને શીફટમાં મંજુર થયેલ બંધ બોડીના વાહન ટ્રેકટર-ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપર ઉપરોકત દર્શાવેલ સમય દરમ્યાન ફાળવવાના રહેશે. જો કોઈપણ એક શીફટમાં એટલેકે સવારે વાહન ફાળવે, પરંતુ બપોરે ન ફાળવે અથવા બપોરે વાહન ફાળવે પરંતુ સવારે વાહન ન ફાળવેતો પ્રતિ દિવસ પ્રતિ ટ્રેકટર રૂા. ૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા.) પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે. તદ્ઉપરાંત કોન્ટ્રાકટરશ્રી દ્વારા દિવસ દરમ્યાન વાહન ન ફાળવવામાં આવેતો પ્રતિ દિવસ રૂા. ૨,૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા.) પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે. રા.મ.ન.પા. ને જરૂર જણાયે રાત્રિના સમયમાં કામગીરી ચાલુ રાખવાની રહેશે. તેનો કોન્ટ્રાકટર ઈન્કાર કરી શકશે નહી.

(૨૫) આ કામગીરી મકરસંક્રતિ, ધુળેટી, જન્માષ્ટમી, તથા નૂતનવર્ષ ના રોજ આવતી જાહેર રજાઓના દિવસે બંધ રાખવામાં આવશે તેની અવેજીમાં ઉકત રજાના પહેલાના અથવા પછીના રવિવારે પર્યાવરણ ઈજનેર સુચવે ત્યારે કામગીરી ચાલુ રાખવાની રહેશે. તેમજ દર રવિવારે રજા રહેશે. પરતું આકસ્મિક સંજોગોમાં રવિવારે કામગીરી ચાલુ રાખવા જણાવવામાં આવેતો કામગીરી ચાલુ રાખવાની રહેશે, કોન્ટ્રાકટરશ્રી તેનો ઈન્કાર કરી શકશે નહી.

(૨૬) આ કામે કોન્ટ્રાકટરશ્રીએ પ્રતિ વાહન દિઠ ડ્રાઈવર તથા મજુર-૨(બે) રાખવાના રહેશે. જો મજુરો ઓછા રાખવામાં આવેલ હશે તો પ્રતિ મજુર દીઠ પ્રતિ દિવસના રૂા. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા.) પેનલ્ટી બીલ માંથી કપાત કરવામાં આવશે. વાહનના ડ્રાઈવર વાહનનું વેલીડ લાયસન્સ ધરાવતો હોયતે જરૂરી છે, જો ડ્રાઈવર વાહનનું વેલીડ લાયસન્સ ધરાવતો ન હોવાનું માલુમ પડયે રૂા. ૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા.) પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૨૭) વાહન સાથેનાં ડ્રાઈવરની તથા મજુરોની વર્તણુંક મહાનગરપાલિકાના સ્ટાફ સાથે શિસ્ત, સુમેળભરી તથા વિનમ્ર હોવી જરૂરી છે. ડ્રાઈવર તથા મજુરોની વર્તણુંક કે કામગીરી યોગ્ય ન જણાય ત્યારે રા.મ.ન.પા. સૂચવે તો તાત્કાલીક અસરથી કોન્ટ્રાકટરશ્રીએ ડ્રાઈવર/મજુરને બદલી આપવાના રહેશે.

(૨૮) આ કામગીરીમાં કોન્ટ્રાકટરશ્રીએ તથા તેના સુપરવાઈઝરે મોબાઈલ ફોન રાખવાનો રહેશે.

(૨૯) આ કામગીરીના બીલની માંગણી કોન્ટ્રાકટરશ્રીએ દર માસે કરવાની રહેશે.

(૩૦) ગવર્નમેન્ટ ઓથોરીટી દ્વારા આ કામગીરી દરમ્યાન જો કોઈપણ કાયદાકીય રીતે ટ્રાફીક નિયમ કે અન્ય દંડ કરવામાં આવેતો તે તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૩૧) કોન્ટ્રાકટરશ્રીઓએ તેમના કામદારોના ખાતા બેંકમાં કોન્ટ્રાકટરશ્રી અથવા કામદારોના ખર્ચે ખોલાવવાના રહેશે. અને આ ખાતાઓમાં તેમના કામદારોનો પગારની રકમ ફરજીયાત બેંક ખાતામાં જ જમા કરાવવાની રહેશે. તેમાં કોન્ટ્રાકટરશ્રી દ્વારા સહકાર નહી આપવામાં આવે તો જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ કરી બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે અને સીડી જપ્ત કરવામાં આવશે.

**ખાસ શરતો :-**

(૧) વોર્ડ નં. ૦૮ તથા ૧૦ ના વોંકળાની અંદરની સાઈડ તથા બહારની સાઈડથી નીકળેલ તમામ પ્રકારનો કચરો તથા વોર્ડમાં રહેલ તમામ પ્રકારનો કચરો રૈયાધાર પાસેના ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનમાં તથા ઠાલવવાનો રહેશે અને લગત ટ્રાન્સફર સ્ટેશનથી કચરો ઠાલવ્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જે બીલ સાથે રજુ કર્યા બાદ બીલનું પેમેન્ટ આપવામાં આવશે. અને તે મુજબનાં ટેન્ડરમા ભાવ આપવાનાં રહેશે.

(૨) જે વોર્ડમાંથી વોંકળાનો ગાર તથા પડતર કચરો ઉપાડવામાં આવેલ હોયતે વોર્ડનાં આ કામગીરી સંભાળતા એસ.એસ.આઈ./એસ.આઈ. પાસે જરૂરી પ્રમાણપત્ર દરેક ફેરા દીઠ અલગ મેળવવાનું રહેશે, અને તે પ્રમાણપત્ર સબંધીત ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનમાં જમા કરાવી ત્યાંથી ટ્રેકટર ઠાલવ્યા અંગેની ચિઠ્ઠી મેળવવાની રહેશે. જે વોર્ડની ચિઠ્ઠી તથા ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનની ચિઠ્ઠી બીલ સાથે રજુ કર્યા બાદ પેમેન્ટ આપવામાં આવશે. વોર્ડ માંથી જે કંઈ પણ ભરાવવામાં આવે દા.ત. ઝાડ, પાન, ભરતી, ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, વોંકળાનો ગાર તેની અચુક પણે ચિઠ્ઠીમાં નોંધ કરાવવી જરૂરી છે, જો વોર્ડના એસ.એસ.આઈ./એસ.આઈ. દ્વારા આવી નોંધ કરવામાં આવેલ ન હોય તો ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશને ફેરો સ્વીકારવામાં આવશે નહી.

(૩) કોન્ટ્રાકટરશ્રી દ્વારા વોંકળાનો ગાર કે પડતર કચરો ઉપાડવાની કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે અનિયમિતતા હોવાનું માલુમ પડશે તો મહાનગરપાલિકા દ્વારા કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કોન્ટ્રાકટરશ્રીનો કોન્ટ્રાકટ રદ કરી રાજકોટ મહાનગરપાલિકાના કોઈપણ કામ માટે કાયમી ધોરણે બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે અને કોન્ટ્રાકટરશ્રી દ્વારા ભરવામાં આવેલ સી.ડી. ની રકમ ફોરફીટ કરવામાં આવશે.

(૪) આ કામગીરી માટે વોર્ડ દીઠ એક ટ્રેકટર-ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપર રાખવું ફરજીયાત છે, પરંતુ મકરસંક્રાંતિ, જન્માષ્ટમી, દિવાળીનાં દિવસો, ચોમાસાની સીઝન અગાઉ કે ચોમાસાની સીઝનમાં તથા રા.મ.ન.પા. ને જરૂર પડે ત્યારે વધારાના ટ્રેકટરોની વ્યવસ્થા માટે લેખીતમાં જો કહેવામાં આવે તો કોન્ટ્રાકટશ્રીએ વધારાનાં ટ્રેકટરોની વ્યવસ્થા કરવાની રહેશે. શહેરમાં રોગચાળો ફાટી નીકળે કે અતિવૃષ્ટી, ધરતીકંપ જેવી કુદરતી આફતોના સમયે વધારાનાં ટ્રેકટર-ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપરોની વ્યવસ્થા કરવા લેખીતમાં કહેવામાં આવે તો કોન્ટ્રાકટરશ્રી એ કરવાની રહેશે. વધારાના ટ્રેકટર-ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપરની વ્યવસ્થા કરવાનું લેખીતમાં કહેવામાં આવે અને તે મુદ્દત વિત્યા બાદ કોન્ટ્રાકટરશ્રી વધારાના ટ્રેકટરની વ્યવસ્થા ન કરે તો પ્રતિ દિવસ રૂા. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા.) મુજબ પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે તથા જરૂર જણાયે કોન્ટ્રાકટ રદ કરી બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

(૫) વોંકળાનો ગાર, ભરતી, રબ્બીશ, પડતર કચરો કોન્ટ્રાકટરએ ૧૦૦ મીટરની લીડ સુધી તેમના મજુરો દ્વારા ઉપાડાવી ટ્રેકટરમાં કચરો પૂર્ણ રીતે ભરવાનો રહેશે. જો કોન્ટ્રાકટર દ્વારા તેનો ઈન્કાર કરવામાં આવશે તો સબંધીત કર્મચારી/અધિકારીની લેખીત ફરીયાદનાં આધારે નાયબ કમિશનર (સો.વે.મે.) દ્વારા રૂા. ૨૦૦૦/-

(અંકે રૂપિયા બે હજાર પુરા.) નો દંડ કરવામાં આવેતે કોન્ટ્રાકટરશ્રીએ ભોગવવાનો રહેશે. આ દંડની રકમ બીલમાંથી કપાત કરવામાં આવશે. જેમાં કોન્ટ્રાકટરશ્રી કોઈપણ પ્રકારનો વાંધો લઈ શકશે નહીં.

(૬) જરૂર જણાયે રાજકોટ મહાનગરપાલિકાના જે.સી.બી. દ્વારા વોંકળાનો ગાર, ભરતી, રબ્બીશ, પડતર કચરો કોન્ટ્રાકટરશ્રીનાં ટ્રેકટર-ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપરમાં ભરી આપવામાં આવતો કોન્ટ્રાકટરના મજુરો વગરના ટ્રેકટર-ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપરના ૧ (એક) ફેરાના મંજુર થયેલ ભાવ ના ૮૦% (એંશી ટકા) મુજબ પેમેન્ટ આપવામાં આવશે. આ કામગીરી કરવાનો કોન્ટ્રાકટર ઈન્કાર કરી શકશે નહીં. બાકીની તમામ શરતો યથાવત રહેશે.

(૭) ટ્રેકટર ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપરમાં રા.મ.ન.પા.ના કર્મચારી દ્વારા સુચવેલ સ્થળ, જગ્યાએથી સંપૂર્ણપણે વાહન ભરાય જાય તે રીતે ભરવાનો રહેશે. રા.મ.ન.પા.ના કર્મચારી દ્વારા સુચવેલ સ્થળ સિવાય અન્ય કોઈપણ સ્થળેથી પોતાની મનસ્વી રીતે કચરો, રબ્બીશ ભરવામાં આવશે તો પ્રતિ ફેરા દીઠ રૂ. ૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા.) પેનલ્ટી બીલમાંથી કપાત કરવામાં આવશે. ટ્રેકટર ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપરમાં ૭૦૦ કિ.ગ્રા. (સાતસો) થી ઓછુ વજન હશેતો ફેરો ગણાવામાં આવશે નહી. તેમજ તે ફેરાનું પેમેન્ટ આપવામાં આવશે નહી આ ફેરો પાછો લઈ જવા દેવામાં આવશે નહી. આ ભરેલ કચરો ટ્રાન્સફર સ્ટેશનમાં અથવા ડમ્પીંગ યાર્ડમાં ઠાલવવાનો જ રહેશે.

(૮) કોન્ટ્રાકટ શરૂ થયાની તારીખથી બાર માસ પૂર્ણ થયે પ્રતિ ફેરાના મંજુર થયેલ ભાવમાં ૧૦ % (દસ ટકા) નો ભાવ વધારો આપવામાં આવશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહી, અને કોન્ટ્રાકટર ભાવ વધારો માંગી શકશે નહી.

(૯) કોન્ટ્રાકટરે પોતાના દરેક વાહનોમાં GPS સીસ્ટમ ફીટ કરાવવાની રહેશે, તેમજ તેનો તમામ ખર્ચ કોન્ટ્રાકટરશ્રીએ ભોગવવાનો રહેશે, રાજકોટ મહાનગરપાલિકા સુચવવામાં આવે તે કંપની પાસેથી GPS સીસ્ટમ ફીટ કરાવવાની રહેશે, તેમજ તેને સંલગ્ન તમામ ડેટા જરૂર જણાયે કોન્ટ્રાકટરશ્રીએ મહાનગરપાલિકા દ્વારા સુચવવામાં આવેતો રજુ કરવાના રહેશે.

**લાયકાતો :-**

૧) ગવર્મેન્ટ રજીસ્ટેશન કલાસ E-1

૨) પી.એફ.નંબર સર્ટીફીકેટ

૩) ઈ.એસ.આઈ.સી. નંબર સર્ટીફીકેટ

૪) રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરા કે તેથી વધુ રકમની બેંક સોલવન્સી.

૫) છેલ્લા સાત નાણાંકીય વર્ષ નુ સરેરાશ વાર્ષિક ટર્નઓવર રૂા.૧૩,૫૨,૭૫૦/- અંકે રૂપિયા તેર લાખ બાવન હજાર સાતસો પચાસ પુરાનુ કામ કર્યાનું પ્રમાણપત્ર અથવા સી.એ.નું સર્ટીફીકેટ.

૬) સરકારી/અર્ધસરકારી અથવા લીમીટેડ કંપની છેલ્લા સાત નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા એક વર્ષ સુધી આજ પ્રકારની કામગીરી અથવા કચરાના એકત્રીકરણ/ઉપાડવાની તથા કચરાના ટ્રાન્સપોર્ટેશનનું કામ રૂા.૧૬,૨૩,૨૬૨/- નું એક કામ અથવા રૂા.૧૩,૫૨,૭૧૮/- ના બે કામ કર્યાનો અનુભવ.

૭) રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ફેવરમાં ડી.ડી. સ્વરૂપે ઈ.એમ.ડી. રૂા. ૧,૬૨,૩૩૦/- અંકે રૂપિયા એક લાખ બાસઠ હજાર ત્રણસો ત્રીસ પુરા તથા ટેન્ડર ફી (નોન-રીફંડેબલ) રૂા. ૩,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ હજાર પુરા.

૮) ભાવ ભરનારએજન્સીએ તેઓ કોઈપણ જગ્યાએ તાજેતરમાં બ્લેકલીસ્ટ થયેલ નથી તે મતલબનું સરકારશ્રી દ્વારા નિયત થયેલ સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

**પર્યાવરણ ઈજનેર**
**રાજકોટ મહાનગરપાલિકા**

## રાજકોટ મહાનગરપાલિકા
## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા

| શેડ્યુલ-'એ' | | |
|---|---|---|
| *ક્રમ* | *કામની વિગત* | *પ્રતિ ફેરાની અંદાજીત કિંમત (ટેન્ડરમાં દર્શાવેલ વાહનો સાથે)* |
| ૧ | રાજકોટ શહેર નાં વોર્ડ નં. ૦૮ તથા ૧૦ માં આવેલ વોંકળાનો ગાર, પડતર કચરો, રબ્બીશ, ભરતી બંધ બોડીના ટ્રેકટર ટ્રોલી/હાઈડ્રોલીક ઓપરેટેડ ટીપર (૮૦ ઘન ફુટ ક્ષમતાથી વધુ વાળા) દ્વારા ઉપાડી લગત ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનને ખાલી કરવા જવાનું કામ. | **રૂા. ૭૦૫/-**<br>**(અંકે સાતસો પાંચ પુરા)** |

**નોંધ :-** ઉપરના શિડ્યુલમાં જણાવ્યા મુજબની કામગીરી સામે દર્શાવેલ અંદાજીત કિંમતના ઓછા/વધુ ટકા મુજબ ઓનલાઈન ભાવ ભરવાના રહેશે.

* **ઉપરોકત મંજુર થયેલ ભાવની ઉપર પ્રવર્તમાન દર મુજબનો GST (જો લાગુ પડતો હોયતો) અલગથી આપવામાં આવશે.**

**પર્યાવરણ ઈજનેર**
**રાજકોટ મહાનગરપાલિકા**